# ઈડીઆઈઆઈને એઆઇસીટીઇ એવોર્ડ

## ચેન્નાઈમાં આયોજિત ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની સ્ટાર્ટઅપ સમિટ-2017માં જાહેરાત

સિટી રિપોર્ટર | અમદાવાદ

એઆઈસીટીઈ દ્વારા ચેન્નાઈમાં આયોજિત ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની સ્ટાર્ટ-અપ સમિટ-2017માં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને 'સ્ટાર્ટ-અપ્સ'ને સપોર્ટ કરવા બદલ એઆઈસીટીઈ એવોર્ડ અપાયો છે. પોતાનાં નવા અભ્યાસક્રમ અને ઈન્ક્યુબેશન સેન્ટર 'સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝિસ'મારફતે સ્ટાર્ટ-અપ્સને સપોર્ટ કરવા બદલ 'ઈન્સ્ટિટ્યૂશન સપોર્ટિંગ સ્ટાર્ટ-અપ્સ' કેટેગરીમાં EDIIને એવોર્ડ આપી સન્માનિત કરાઈ છે. સ્ટાર્ટ-અપ સમિટ દરમિયાન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ પોતાના જ કેમ્પસમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન અને સમર્થન આપવા ભારતની શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં ઉત્કૃષ્ટ સફળતાને બિરદાવવા એઆઈસીટીઈ એવોર્ડ એનાયત થાય છે. સમિટ તેની રાષ્ટ્રવ્યાપી સ્ટાર્ટ-અપ કન્ટેસ્ટ મારફતે આગામી વિવિધ સ્ટાર્ટ-અપ્સને માન્યતા પણ આપે છે. ઈડીઆઈઆઈને મળેલા બહુમાન વિશે જણાવતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, 'અમે બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝિસ (ક્રેડલ) પણ શરૂ કર્યા છે, જેથી નવા સ્ટાર્ટ-અપ્સને માર્ગદર્શન આપી શકાય તથા ઉદ્યોગસાહસની ઝડપી વૃદ્ધિ માટે ટેક્નોલોજીનું ઝડપથી વાણિજ્યિકરણ સુલભ થાય. ભારતમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ રસપ્રદ તબક્કામાં છે અને અમે નવા ઉદ્યોગસાહસો શરૂ કરવામાં મદદ કરવાનું ચાલુ રાખીશું, જેનાથી આગામી થોડાં વર્ષોમાં રોજગારીનું સર્જન થશે.'